જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૨/૨૦૧૫ સોમવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૩૧/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૫ કેસ કરી ૪૪ વ્યક્તિઓને ઝડપી, ૨૩૯ લીટર દેશી દારૂ, ૧૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩ બિયર ટીન, ૧ કાર અને ૧ ઓટોરિક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૨ કેસ કરી ૫ વ્યક્તિને ઝડપી રૂપિયા ૧૦,૦૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૩૨/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૩૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૩૩૩/૧૫**

**વેજલપુરઃ** કાજલબહેન એન કુમાર ઉર્ફે મુન્નાભાઇ તીવારી (ઉ.વ.૧૬) (રહે કૃષ્ણધામ વીભાગ-૨ શાલપુરા ફાટક પાસે પ્રહલાદનગર) ને તા.૧૪/૨/૧૫ બપોરના ૪/00 વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી વિજય દંતાણી (જેના પુરા નામની ખબર નથી) (રહે. કૃષ્ણધામ વિભાગ-૨ ઔડાના મકાનમા) લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ કાજલબહેનના પિતા એન કુમાર ઉર્ફે મુન્નાભાઇ તીવારીએ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એચ,એમ રામાવત ચલાવે છે.

**દરીયાપુરઃ** પુજાબહેન મુપાજી પ્રજાપતિ (ઉ.વ.૧૫) (રહે.નરસિહજીનો ખાંચો ભંડેરી પોળ દરીયાપુર) ને તા.૧૪/૨/૧૫ બપોરના ૪/30 વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી રાજકુમાર ઈન્દારામજી સાલ્વી (રહે. શિવ ઈન હોટલ કાલુપુર ફુટ માર્કેટ દરીયાપુર) લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ પુજાબહેનના પિતા મુપાજી પ્રજાપતિએ દરીયાપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી એન યાદવ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૩૩૪/૧૫**

**ઘાટલોડીયાઃ** મુનેશ વિક્રમસિંહ પ્રજાપતિ (રહે. ન્યુ સત્ય વિહાર સોસાયટી ધનજીભાઇના કુવા પાસે ચાંદલોડીયા ઘાટલોડીયા) એ તા.૧૫/૨/૧૫ નારોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૨/૧૫ રાતના ૯/૦૦ થી તા.૧૫/૨/૧૫ સવારના ૮/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના પાછળના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી (૧) સોનાનો દોરો કીમત રૂપિયા ૨૦,૦૦૦/- (૨) મંગળસુત્ર મણકાવાળુ કીમત રૂપિયા ૧૫,૦૦૦ (૩) સોનાની વિંટી નંગ-૪ કીમત રૂપિયા ૧૮,૦૦૦/- (૪) ચાંદીના ઝાંઝર કીમત રૂપિયા ૧૦,૦૦૦/- (૫) ગળામાં પહેરવાના ચાંદીના ઓમ નંગ-૩ કીમત રૂપિયા ૨,૦૦૦/- અને રોકડ રૂપિયા ૫૦૦૦/- મળી કુલ રૂપિયા ૭૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે .આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.આર ચૌધરી ચલાવે છે.

**ઓઢવઃ** જયંતીલાલ વિઠ્ઠલદાસ મોદી (રહે. સહ્જાનંદ બંગ્લોઝ રાજધાની બંગ્લાની સામે ઉમા સ્કુલ પાછળ નિકોલ નરોડા રોડ) એ તા.૧૫/૨/૧૫ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૨/૧૫ કલાક ૧૨/૩૦ થી તા.૧૫/૨/૧૫ બપોરના ૨/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના પાછળના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૧,૨૫,૦૦૦/- અને રોકડ રકમ રૂપિયા ૧,૦૦,૦૦૦/- મળી રૂપિયા ૨,૨૫,૦૦૦/- મત્તાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ.આર.જનકાત ચલાવે છે.

**સોનાની ચેઈન ખેંચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૩૩૫/૧૫**

**ચાંદખેડાઃ** અર્ચનાબહેન ત્રિલોકચંદ ગુપ્તા (ઉ.વ.૪૦) (રહે. મલબરી હેલીપોએડ ફ્લેટ ન્યુ સીજી રોડ ચાંદખેડા) તા.૧૪/૨/૧૫ સાંજના ૬/૧૫ વાગ્યાના સુમારે રહેણાંક નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે સફેદ રંગની કારમાં આવેલ બે પુરૂષ અર્ચનાબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૪૦,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ અર્ચનાબહેન ગુપ્તાએ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ શ્રી એમ કે બાંગા ચલાવે છે.

**સરદારનગરઃ** સંતોષભાઈ રામરાવ મેલાવડે (ઉ.વ.૪૨) (રહે.ગ્રીનપાર્ક વિભાગ-૨ ચાંદખેડા)તા.૧૫/૨/૧૫ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે કુબેરનગર રેલવે ફાટક છારાનગર નજીકથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે ૨૦ થી ૨૫ વર્ષનો પુરૂષ સંતોષભાઈના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૨૩,૮૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ સંતોષભાઈ મેલાવડેએ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ શ્રી ઝેડ એમ સીંધી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.